# ખંભાળિયાની સરકારી સિવિલ હોસ્પિટલના અણઘડ વહીવટથી દર્દીઓ પરેશાન

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલી સરકારી સિવિલ હોસ્પિટલ કે જ્યાં દરરોજ જિલ્લાભરના જુદા જુદા વિસ્તારોમાંથી ખૂબ મોટી સંખ્યામાં દર્દીઓ આવે છે, અહીં સ્ટાફના અભાવ વચ્ચે અન્ય સમસ્યાઓથી દર્દીઓ પરેશાન થઈ રહ્યા છે. હોસ્પિટલની ચાર એમ્બ્યુલન્સ હાલ ભંગાર હાલતમાં હોવાથી દર્દીઓને ફરજિયાત ખાનગી એમ્બ્યુલન્સનો સહારો લેવો પડે છે.

ખંભાળિયામાં થોડા સમય પૂર્વે કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલી વિશાળ સરકારી હોસ્પિટલમાં ૧૫૦ બેડનું નિર્માણ કરવામાં આવ્યું છે. પરંતુ તેની સામે માત્ર ૯૦ બેડનો જ સ્ટાફ ફાળવવામાં આવ્યો છે. આ હોસ્પિટલમાં અન્ય સ્થળેથી કામચલાઉ રીતે તબીબો તો મૂકવામાં આવે છે, પરંતુ અહીં વર્ગ ૩ તથા ૪ ના કર્મચારીઓ પૂરતી સંખ્યામાં ન હોવાથી વિકટ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. અહીં આવતા દર્દીઓના સગાઓ કોઈપણ સ્થળે પાનની પિચકારી મારીને ગંદકી કરે છે. તારીખ ૧ એપ્રિલથી હોસ્પિટલમાં કેસ બારી માટે નવું વર્ઝન આવ્યું હોવાથી અહીં પૂરતા સ્ટાફના અભાવે નવા કેસ માટે દર્દીઓની કતારો જોવા મળી રહી હતી. તેમજ હોસ્પિટલમાં ગંદકી કરનારા સામે દંડની જોગવાઈ (પાવતી બુક) રાખવામાં આવી છે. પરંતુ તેના અમલ માટે સ્ટાફ જ નથી. ૧૫૦ બેડની આ હોસ્પિટલમાં ૯૦ બેડનો સ્ટાફ કામ કરતો હોવાથી આરોગ્ય તંત્ર દ્વારા નવા સ્ટાફની ભરતી કરવામાં ન આવતા તેમજ આ અંગેની મંજૂરી



કે ખર્ચ માટે જોગવાઈ પણ ન કરાતા વિકટ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. જેના કારણે કરોડો રૂપિયાના ખર્ચે બનેલી જિલ્લાની સૌથી મોટી સરકારી હોસ્પિટલમાં વોર્ડ તેમજ શૌચાલયમાં ગંદકીનું સામ્રાજય જોવા મળતા અહીં ક્યારેક ઉકરડા જેવી પરિસ્થિતિમાં ફેરવાઈ જાય છે.

તો આવી જ સ્થિતિ કમ્પાઉન્ડ તથા અન્ય સ્થળોની છે. અપૂરતા સ્ટાફને કારણે સિનિયર સિટીઝન બારી પણ અનેક વખત ખોલવા માટે સ્ટાફ હોતો નથી. સરકારી હોસ્પિટલનો સૌથી વધુ ઉપયોગ ગરીબો અને જરૂરીયાતમંદો કરતા હોય, ત્યારે હોસ્પિટલમાં વ્યાપક અગવડતાથી દર્દીઓમાં કચવાટની લાગણી જોવા મળી રહી છે.

## હોસ્પિટલની એમ્બ્યુલન્સ ભંગાર હાલતમાં

દેવભૂમિ દ્વારકા જિલ્લો એ રાજ્યનો સૌથી છેવાળાનો જિલ્લો છે. ત્યારે કરોડોની આ હોસ્પિટલ માટે જાણે આરોગ્ય તંત્રનું વર્તન ઓરમાયું હોય તેવું ચિત્ર ખડું થયું છે. સરકારી સિવિલ હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓને ઈમરજન્સીના સમયમાં બહારગામ મોકલવા માટે ૪ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. પરંતુ મહિનાઓથી આ એમ્બ્યુલન્સ ભંગાર હાલતમાં જોવા મળે છે. જે અંગે તંત્રના પ્રમાણ પછી પણ નવી એમ્બ્યુલન્સ ફાળવાઈ નથી. જિલ્લાને સરકાર દ્વારા નવી એમ્બ્યુલન્સ ન અપાતા લોકોને ફરજિયાત ખાનગી એમ્બ્યુલન્સની સેવાઓ લેવી પડે છે. પરિણામે ગરીબોને વધુ બોજ પડે છે.

ખંભાળિયાની સરકારી હોસ્પિટલ અંગે આરોગ્ય તંત્રના ઓરમાયા વર્તનનો નમુનો એ છે કે નવી એમ્બ્યુલન્સ ખરીદવાની તમામ પ્રક્રિયા તાજેતરમાં પૂર્ણ થઈ ગયા પછી કમિશનરમાં આ અંગેની ફાઈનલ મંજૂરીનો કાગળ કોઈ કારણોસર અટકી ગયો હતો. જ્યારે લોકસભાની હાલ ચૂંટણી જાહેર થઈ ગઈ છે, ત્યારે હવે આચારસંહિતા આવી ગયાનું કહી તેના પર પૂર્ણવિરામ મૂકી દેવામાં આવ્યું છે. આમ, આરોગ્ય તંત્રની બેકાળજીના કારણે અહીંની સરકારી હોસ્પિટલને મહિનાઓથી નવી એમ્બ્યુલન્સ મળી શકી નથી.

# જામનગરના ઢીંચડા-એરફોર્સ માર્ગને તા. ૫ મે સુધી બંધ રાખવા જાહેરનામું લંબાવાયુ

જામનગર : જામનગરમાં ઢીંચડા-એરફોર્સ-૧ ગેઈટ સુધીનો માર્ગ ભૂગર્ભ ગટરની કામગીરી માટે બંધ રાખવાનું મ્યુનિ. કમિશનરે જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ હતું જે તા. ૫-૫-૨૪ સુધી લંબાવવામાં આવ્યું છે.

શહેરના એરફોર્સ-૧ મેઈન ગેઈટથી ઢીંચડા તરફ જવાના રસ્તા પર વાયુનગર મેઈન રોડ સુધી ભૂગર્ભ ગટર પાઈપલાઈન નાખવાની કામગીરી માટે તા. ૧૯-૨-૨૪ થી તા. ૩૧-૩-૨૪ સુધી વાહન વ્યવહાર બંધ રાખવા માટે મ્યુનિ. કમિશ્નરે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું જેને તા. ૫-૫-૨૪ સુધી લંબાવવામાં આવ્યું છે.

આમ, ગામના મુખ્ય રસ્તા પાસે એરફોર્સ-૧ મેઈન ગેટથી ઢીંચડા ગામ તરફ જતાં રસ્તા પર વાયુનગર મેઈન રોડ તરફ જવાનો રસ્તો બંધ રહેશે. જેની વૈકલ્પિક વ્યવસ્થા માટે વાયુનગર મેઈન રોડથી વાયુનગરની આંતરિક શેરી થઈ બળદેવનગરનો મુખ્ય રસ્તો થઈ મારૂતિનંદનની આંતરિક શેરી થઈ બાલાજી પાર્ક-૩ મુખ્ય રસ્તા થઈ બાલાજી પાર્ક ૨ મુખ્ય રસ્તા થઈ બાલાજી પાર્ક-૧ મુખ્ય રસ્તા થઈ ડીફેન્સ કોલોની મુખ્ય રસ્તા થઈ દિગ્જામ મિલ તરફ જવાનો રોડ ચાલુ રહેશે.

ઢીંચડા ગામના મુખ્ય રસ્તા પાસે એરફોર્સ-૧ મેઈન ગેટથી ઢીંચડા ગામ તરફ જતા રસ્તા પર વાયુનગર મેઈન રોડ તરફ જવાનો રસ્તો બંધ રહેશે. જેની વૈકલ્પિક વ્યવસ્થા માટે વાયુનગર મેઈન રોડથી વાયુનગરની આંતરિક શેરી થઈ બળદેવનગરનો મુખ્ય રસ્તો થઈ બંસીધર સ્કૂલ કનૈયા પાર્ક થઈ તિરૂપતિ સોસાયટી મેઈન રોડ થઈ નીલકંઠ પાર્ક મેઈન રોડ થઈ બેડી બંદર રીંગ રોડ તરફ જવાનો રોડ તથા તેને સંલગ્ન અન્ય રસ્તાઓ ચાલુ રહેશે. તેમ મ્યુનિ. કમિશનરની અખબારી યાદી માંરફત જણાવાયું છે.

# જામનગરમાં વોર્ડ નંબર ૪માં મધુરમ્ રેસિડેન્સીના રહીશોને એકસાથે બિલ મળતાં સ્ટે. ચેરમેનને રજૂઆત



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાના વોર્ડ ૪ના સભ્ય રચનાબેન નંદાણીયા તથા મધુરમ રેસીડેન્સી-૧ના રહેવાસીઓએ રૂબરૂમાં રજૂઆત કરેલ છે કે, મધુવન સોસાયટીના રહેવાસીઓને હાલે જે છેલ્લા હાઉસ ટેક્સના બીલ મળેલ છે. તેમાં એકસાથે એક વર્ષ કરતા ઘણા વર્ષના ટેક્સની રકમનો સમાવેશ કરી બીલો પાઠવવામાં આવેલ છે અને આ બીલોમાં તેઓના રહેણાંકના બાંધકામ અંગેનો ટેક્સ એકસાથે સમાવેશ કરીને બીલો મોકલવામાં આવેલ છે. જેથી, આ વિસ્તારના રહેવાસીઓને રેગ્યુલર હાઉસ ટેક્સના બીલોને બદલે ઘણી મોટી રકમ બીલો મળેલ હોય. આથી, સામાન્ય વર્ગના લોકો એકી સાથે આટલી મોટી રકમ ભરી ના શકે તેઓની આર્થિક સ્થિતિ ન હોય. જે બાબતે રૂબરૂ રજુઆત કરેલ છે અને જે તે વખતે બાંધકામ બાદ સમયસર શા માટે ટેક્સના બિલો મોકલવામાં આવેલ નથી? આ બાબતે તેઓની રજુઆતમાં જો તથ્ય હોય તો આ અંગે ખરેખર હકિક્ત શું છે ? અને શા માટે સમયસર અને નિયમ મુજબ કાર્યવાહી થયેલ નથી ? તેમજ આમ થવા પાછળ કોની બેદરકારી છે? તે અંગે કાયદા અને નિયમની જોગવાઈ મુજબ કાર્યવાહી કરી જવાબદારોની જવાબદારી નક્કી કરી ધોરણસરની કાર્યવાહી કરવી જોઈએ. જેથી, ભવિષ્યે આવી બેદરકારી રહેવા પામે નહિ. આ બાબતે તાકીદે નિયમોનુસાર કાર્યવાહી કરવા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશ કગથરાએ કમિશનરને પત્ર પાઠવેલ છે.

# કાલાવડના ખરેડી ગામની યુવતી લાપતા

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ખરેડી ગામેં રહેતા એક પરિવારની ૧૯ વર્ષની પુત્રી ગત શુક્રવારે પોતાના ઘરેથી ક્યાંક ચાલી ગઈ છે. તેમજ તેણીના તમામ ડોક્યુમેન્ટ પણ સાથે લેતી ગઈ છે.



કાલાવડ તાલુકાના ખરેડી ગામમાં ખેતમજૂરી કરતા ગોવિંદભાઈ દાનાભાઈ પરમારની ૧૯ વર્ષની પુત્રી દિવ્યા ગત શુક્રવારે સવારે પોતાના ઘરેથી ક્યાંક ચાલી ગઈ છે. આ યુવતી પોતાની સાથે આધાર કાર્ડ તથા જન્મનું અસલ પ્રમાણપત્ર પણ સાથે લેતી ગઈ છે. પોતાની પુત્રી ગુમ થયાની પિતા ગોવિંદભાઈએ કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે. આ યુવતી પોતાના માસાના ભાઈ રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના મોટા ગુંદાળા ગામમાં રહેતા રાહુલ કિશોરભાઈ પરમાર સાથે ચાલી ગઈ હોવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી છે. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં ક્રિકેટર જામ રણજિતસિંહજીની પૂણ્યતિથિએ સ્ટેચ્યુને કરાયા ફૂલહાર





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ વેસ્ટ અને નગરના યુવા ક્રિકેટરો દ્વારા પ્રસિધ્ધ રણજી ક્રિકેટર જેમના નામે રણજી ટ્રોફી રમાય છે તે જામસાહેબ રણજિતસિંહજીની પૂણ્યતિથિ પર તળાવની પાળે આવેલા તેમના સ્ટેચ્યુને ફૂલહાર કરી શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. આ તકે મોટી સંખ્યામાં યુવા ક્રિકેટરો અને આગેવાનો ઉપસ્થિત રહયા હતાં.

# જામનગરના કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહને આવતીકાલે ગ્રામ પુનરૃત્થાન એવોર્ડ અપાશે

જામનગર : કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ જામનગરને મનુભાઈ પંચોળી, 'દર્શક' ફાઉન્ડેશનનો વર્ષ ૨૦૨૩ નો ગ્રામ પુનરૃત્થાન એવોર્ડ એનાયત કરાશે. આ કાર્યક્રમ આવતીકાલ તા. ૪-૪-૨૪ને ગુરૂવારે બપોરે ૨-૩૦ થી સાંજના ૪-૩૦ પ્રાર્થનાખંડ, શ્રી કસ્તુરબા સ્ત્રી-વિકાસગૃહ ખાતે રાખવામાં આવ્યો છે.

દર્શક ફાઉન્ડેશનનો સાહિત્ય એવોર્ડ સાહિત્ય, ઈતિહાસ, સંશોધન અને પુરાતત્વ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર નરોતમ પલાણને અર્પણ કરાશે. દર્શક ફાઉન્ડેશનના પ્રમુખ મધુકરભાઈ બી. પારેખ (ચેરમેન, પીડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ, મુંબઈ) તથા રઘુવીરભાઈ ચૌધરી, પ્રકાશભાઈ ન.શાહ, મનસુખભાઈ સલ્લા, મહેન્દ્રસિંહ પરમાર વિગેરે ટ્રસ્ટીઓ અને અરૃણભાઈ દવે (મેને. ટ્રસ્ટી, લોકભારતી)ની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાશે. તેમાં પ્રમુખ કરશનભાઈ ડાંગર, માનદમંત્રી હીરાબેન તન્ના અને સુચેતા ભાડલાવાળા ઉપસ્થિત રહેશે.

# જામનગરની અરવિંદ સોસાયટી દ્વારા વિવિધ કાર્યક્રમોનું આવતીકાલે આયોજન

જામનગર : પોંડીચેરીમાં શ્રી અરવિન્દના આગમન દિન (ઈ.સ.૧૯૧૦) અને શ્રી અરવિંન્દ સોસાયટી જામનગર કેન્દ્રમાં શ્રી અરવિન્દના પવિત્ર દિવ્યાંશનો સ્થાપના દિન (ઈ.સ.૨૦૦૫) નિમિત્તે સમૂહધ્યાન અને પ્રવચનનો કાર્યક્રમ આવતીકાલ તા. ૪-૪-૨૪ અને ગુરૂવારે શ્રી અરવિન્દ સોસાયટી જામનગર શાખા, સાવિત્રી ભુવન, જી.એમ.બી. બિલ્ડીંગ પાસે, શરૂ સેકશન રોડ, જામનગરમાં યોજાશે.

જેમાં સવારે ૧૦ થી ૧૦-૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન, સાંજે ૬ થી ૮ પ્રવચન અને ધ્યાનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. રાજકોટ અરવિન્દ સાધના કેન્દ્રના ટ્રસ્ટી તથા શ્રી માતાજી અને શ્રી અરવિન્દ સાહિત્યના તત્વચિંતક તેમજ વરિષ્ઠ સાધક શ્યામભાઈ માંડવીયા વકતવ્ય આપશે. જામનગરના આધ્યાત્મપ્રેમી ભાઈઓ-બહેનોને લાભ લેવા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

# ખંભાળિયા નજીક દેવરિયા પાસે કારચાલકની બેરીકેડ સાથે ટકકર

ખંભાળિયા : ખંભાળિયા ખાતે રહેતા એક યુવાને પોતાની કાર લઈને પુરપાટ જતો હોય, ત્યારે ઝવેરીયા ચોક પાસે એક બેરીકેડ સાથે ટકરાવી દેતાં તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

ખંભાળિયામાં સ્ટેશન રોડ ઉપર આવેલા નરસિંહ ભુવનની પાછળના ભાગે રહેતા વિશ્વરાજસિંહ મયુરસિંહ પરમાર નામના ૨૨ વર્ષના શખ્સએ રાત્રિના દોઢ વાગ્યાના સમયે ખંભાળિયા - જામનગર હાઈવે પર દેવરીયા ચેક પોસ્ટ પાસેથી પોતાની જીજે. ૩૭ બી. ૨૬૨૭ નંબરની ફોર્ચ્યુનર મોટરકારને પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક માનવ જિંદગી જોખમાય તે રીતે ચલાવી અને સરકારી બેરીકેટને ટક્કર મારી હતી.

આમ, સરકારી મિલકતને તોડી પાડી અને નુકસાની પહોંચાડવા સબબ ખંભાળિયા પોલીસે કાર ચાલક વિશ્વરાજસિંહ પરમાર સામે આઈપીસી કલમ ૨૭૯ તથા એમ.વી. એક્ટ અને પ્રિવેન્શન ઓફ ડેમેજીસ્ટ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, તેની અટકાયત કરી લેવામાં આવી હતી.

# જામજોધપુરના સિદસર ગામે વાડીમાં નુકશાન પહોંચાડી ખેડૂત પર બે શખ્સોનો હુમલો

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સીદસર ગામમાં રહેતા એક ખેડૂત યુવાન પર વાડીમાં ભેંસો ને છૂટી મૂકી દઇ નુકસાની પહોંચાડવા અંગે બે શખ્સો સાથે તકરાર થઈ હતી, અને બંનેએ લાકડી વડે હુમલો કરી ઈજા પહોંચાડી છે.

આ અકસ્માત ના બનાવની વિગત એવી છે કે જામજોધપુર તાલુકાના સીદસર ગામમાં રહેતા હેનરી કુમાર મહેન્દ્રભાઈ મલ્લી નામના ૪૨ વર્ષના ખેડૂત યુવાને પોતાના ઉપર લાકડી વડે હુમલો કરી હાથ પગમાં ઈજા પહોંચાડવા અંગે જેઠાભાઈ વજાભાઈ વંશ અને ગંધુભાઈ વજાભાઈ સામે ફરિયાદ નોંધાવી છે. જયારે તેને હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી પોતાની વાડીમાં કામ કરતા હતા, જે દરમિયાન આરોપીઓની ભેંસ વાડીમાં ઘૂસી આવી હતી, અને નુકસાની પહોંચાડી હતી. તેથી ભેંસને બહાર કાઢી લેવાનું કહેતાં બંને આરોપીઓ ઉશ્કેરાયા હતા, અને આ હુમલો કરી દીધાનું પોલીસમાં જાહેર થયું છે.

# જામ્યુકોની સ્ટે. કમિટીના ચેરમેન નિલેશ કગથરાએ જન્મદિવસની ઉજવણી આણદાબાવા આશ્રમના બાળકો સાથે કરી





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગર પાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરાએ તેમના જન્મ દિવસની ઉજવણી આજરોજ શ્રી આણદાબાવા વૃધ્ધાશ્રમ, લીમડાલેન ખાતે વૃધ્ધાશ્રમના વડીલો તેમજ સ્કુલના બહેરા-મુંગા વિદ્યાર્થીઓ સાથે કરી હતી.

આ પ્રસંગે ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, ભાજપ શહેર અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, શહેર મહામંત્રીઓ પ્રકાશભાઇ બાંભણીયા, મેરામણભાઈ ભાટુ, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, શાસકપક્ષ નેતા આશીષભાઈ જોષી, દંડક કેતનભાઇ નાખવા, મહાનગરપાલિકાના સભ્યઓ અરવિંદભાઇ સભાયા, પાર્થભાઇ કોટડીયા, પરાગભાઈ પટેલ, કેશુભાઈ માડમ, જયેન્દ્રસિંહ ઝાલા, ધીરેનકુમાર મોનાણી, પાર્થભાઈ જેઠવા તથા પૂર્વ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન અને સભ્ય મનિષભાઇ કટારીયા, સુભાષભાઇ જોષી, ક્ષત્રિય અગ્રણી પ્રવિણસિંહ જાડેજા, જૈન સમાજના અગ્રણીઓ તથા પૂર્વ ચેમ્બર પ્રમુખ કિરીટભાઈ મહેતા તેમજ સંગઠનના હોદેદારો, મિત્ર વર્તુળ અને શુભેચ્છકો બહોળી સંખ્યામાં હાજર રહયા હતા.

# કલ્યાણપુરના ચુર ગામે યુવાન પર ત્રણ શખ્સનો હુમલો

ખંભાળિયા : કલ્યાણપુરના ચુર ગામે રહેતા ત્રણ શખ્સોએ સામાન્ય બાબતમાં ખંભાળિયાના યુવાન પર પાઈપ વડે હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

ખંભાળિયા તાબેના રામનગર વિસ્તારમાં રહેતા ધવલભાઈ ધરણાતભાઈ ગોજીયા નામના ૨૩ વર્ષના યુવાન તારીખ ૧ ના રોજ કલ્યાણપુર તાલુકાના ચુર ગામના વાડી વિસ્તારમાંથી તેમનો જી.જે. ૧૦ ટી.એક્સ. ૬૧૨૦ નંબરનો ટ્રક લઈને માટી ખાલી કરીને પરત માટી ભરવા માટે જઈ રહ્યા હતા. ત્યારે ચૂર ગામના નેભા કારા ગોજીયા, કેવિન નેભા ગોજીયા અને હરદાસ ગોજીયા નામના ત્રણ શખ્સોએ તેમને અટકાવી અને "અમારી ગાડીનો કાચ સિધ્ધનાથ લખેલા ટ્રકના ચાલકે તોડી નાખેલ છે"- તેમ કહી, ફરિયાદી ધવલભાઈ તેમજ સાહેદ જેસાભાઈ ખીમાણંદભાઈ ભાટિયાને ધોકા તથા લોખંડના પાઇપ વડે બેફામ માર મારી, બિભત્સ ગાળો કાઢી, ઈજાઓ કર્યાની ફરિયાદ કલ્યાણપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જે અંગે પોલીસે ત્રણેય શખ્સો સામે આઈપીસી કલમ ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર, ખંભાળિયા બાયપાસ અને સિકકા પાસે અકસ્માતના ત્રણ બનાવમાં ૬ ને ઈજા

જામનગર : જામનગર શહેર - ખંભાળિયા બાયપાસ રોડ તેમજ સિક્કા રોડ પર જુદા જુદા ત્રણ વાહન અકસ્માત સર્જાયા હતા. જેમાં એક દંપત્તિ સહિત છ વ્યક્તિ ઘાયલ થઈ છે અને તમામને જી જી હોસ્પિટલમાં સારવાર અપાઈ છે. પોલીસે ત્રણેય અકસ્માત અંગે ગુનો નોંધ્યો છે.

અકસ્માતનો પ્રથમ બનાવ જામનગરમાં હરિયા સ્કૂલ ઈન્દિરા માર્ગ પર બન્યો હતો. જયાં ઉદયભાઈ રામભાઈ ગાગીયા (ઉંમર વર્ષ ૨૭) નામના વેપારી પોતાના ભાગીદાર જગદીશભાઈ કાનાભાઈ સાથે બાઈકમાં બેસીને પસાર થઈ રહ્યા હતા. જે દરમિયાન પુર ઝડપે આવી રહેલી જીજે ૧૦ ડી. એન. ૬૦૬૫ નંબરની કારના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતાં બંનેને નાની મોટી ઈજા થઈ હોવાથી જામનગરની જી. જી. હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાઈ છે. પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધ્યો છે.

અકસ્માત નો બીજો બનાવ જામનગર ખંભાળિયા હાઈવે રોડ પર બન્યો હતો. જામનગર તાલુકાના જીવાપર ગામના વતની વેલજીભાઈ લાધાભાઈ પરમાર (ઉંમર વર્ષ ૪૫) કે જેઓ પોતાના પત્નીને બાઈક પર બેસાડીને જઈ રહ્યા હતા, જે દરમિયાન ખંભાળિયા બાયપાસ ચોકડી પાસે આવી રહેલા જીજે ૩ એચ.ઈ. ૮૦૮૯ નંબરના ટ્રક મિલર ના ચાલકે ઠોકરે ચડાવી હડફેટમાં લેતા દંપત્તિને ફ્રેક્ચર સહિતની ઈજા થઈ છે. આ અકસ્માત સર્જનાર મિલર ટ્રકના ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. અકસ્માતનો ત્રીજો બનાવ જામનગર ખંભાળિયા ધોરી માર્ગ પર સિક્કા રોડ પર બન્યો હતો ક્યાંથી બાઈક લઈને જઈ રહેલા યોગેશ જય દયાલ જાદવ અને તેનો મિત્ર અશોકસિંહ રામલખનસિંહ કે જે બંને બાઈક પર પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન સામેથી આવી રહેલા એક ટ્રકના ચાલકે કારને ઠોકર મારી હતી અને ટ્રક અને કાર બંને રોગ સાઈડમાં આવીને બાઈક સાથે અથડાયા હતા. જે અકસ્માતમાં બાઈક સવાર બંને યુવાનો ઘાયલ થયા છે, અને જામનગરની જી. જી. હોસ્પિટલમાં સારવાર અપાઇ છે. પોલીસે આર.જે.૧૯ જી.એફ. ૭૯૯૧ના ચાલક સામે ગુનો નોંધ્યો છે.

# જામનગર જિલ્લામાં ઈંગ્લીશ દારૂના ૪ દરોડામાં ૫ શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર જિલ્લામાં લાલપુર, ખાવડી, સિકકા અને બેડ ગામે પોલીસે દારૂ અંગેના જુદા જુદા ચાર દરોડા પાડી ઈંગ્લીશ દારૂની ૧૦ બોટલ કબ્જે કરી પાંચ શખ્સોની ધરપકડ કરી છે. જ્યારે એક શખ્સને ફરારી જાહેર કર્યો છે.

લાલપુર તાલુકાના સેવકધુણિયા ગામે રહેતો કનકસિંહ ઉર્ફે કાનો ગજુભા જાડેજા નામના શખ્સે પોતાના ફળિયામાં આવેલ ઓરડીમાં દારૂ છૂપાવ્યો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જ્યાં ઓરડીમાંથી ઈંગ્લીશ દારૂની ૬ બોટલ મળી આવતા આરોપી કનકસિંહની અટકાયત કરવામાં આવી હતી.

આ ઉપરાંત મોટી ખાવડીમાં વિશ્વરાજ રોડ લાઈન્સની બાજુમાં રહેતો કનુજી બાબુજી ઠાકોર નામના શખ્સની ઈંગ્લીશ દારૂની એક બોટલ સાથે અટકાયત કરવામાં આવી છે. જયારે જામનગર તાલુકાના બેડ ગામે ચકલા ચોકમાં રહેતો હિતેષ વિઠલભાઈ ધારવિયા નામના શખ્સની ઈંગ્લીશ દારૂની બે બોટલ સાથે અટકાયત કરવામાં આવી છે. જયારે દારૂ સપ્લાય કરનાર જામનગર ખાતે રહેતા વિકી નામના શખ્સને ફરારી જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે. તેમજ સિકકામાં પંચવટી વિસ્તારમાં રહેતો લખન ઉર્ફે લખો નારાયણ સિંધવ તેમજ મુંગણી ગામે ખોડિયાર મંદિરની બાજુમાં રહેતો ક્રિપાલસિંહ ઉર્ફે રાજા બનેસિંહ કંચવા નામના બે શખ્સોની ઈંગ્લીશ દારૂની એક બોટલ સાથે ધરપકડ કરી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# જામનગરની એમ.પી.શાહ મેડિકલ કોલેજ ખાતે સિગ્નેચર કેમ્પેઈનનો યોજાયો કાર્યક્રમ




જામનગર : લોકશાહીના રાષ્ટ્રીય પર્વ લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ અંતર્ગત જામનગર જિલ્લામાં મતદાન અને મતદાર જાગૃતિ ઝૂંબેશ ચાલી રહી છે ત્યારે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (SVEEP) એક્ટીવીટી અંતર્ગત મતદાન જાગૃતિ અભિયાન હેઠળ જામનગરની એમ.પી.શાહ મેડિકલ કોલેજ ખાતે સિગ્નેચર કેમ્પેઈન યોજાયું હતું. જેમાં એમ.પી. શાહ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ મતદાન માટેના બોર્ડ પર પોતાના નામની સહી કરી મતદાન કરવા અંગેના સંકલ્પ લીધા હતા. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## સગીરા ઉપર બળાત્કાર ગુજારવાના પોકસોના કેસમાં યુવાનનો નિર્દોષ છુટકારો

જામનગર : જામનગર શહેરના એક વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની સગીરા ઉપર તેના જ ભાડુઆત એવા આરોપી રણજીતસિંહ જોરૂભા જાડેજાએ તેણીને લલચાવી, ફોસલાવી તેણી સાથે સંબંધો કેળવી તેણીના ભોળપણાનો લાભ લઈ વારંવાર બળજબરી કરી બળાત્કાર કરેલ અને તેનો વિડીયો પણ આરોપીએ પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લીધેલ અને તે વિડીયોના આધારે ભોગ બનનારને બ્લેકમેઈલ કરી શરીર સંબંધો બાંધવા મજબુર કરતો હતો. આ બનાવની જાણ સગીરાના માતા પિતાને થઈ જતા તેનો પરિવાર પોતાના ઘરનું મકાન મુકીને બીજે રહેવા ચાલ્યા ગયેલ છતાં પણ આરોપીએ ભોગ બનનારનો પીછો ન છોડતા, નાછૂટકે આરોપી વિરૂદ્ધ ભોગ બનનારે બળાત્કાર સંબંધેની પોલીસ ફરીયાદ નોંધાવતા, પોલીસે પરણિત આરોપી રણજીતસિંહ જોરૂભા જાડેજાની ધરપકડ કરી તેના વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ ૩૭૬(૨)(જે)(એન), ૫૦૬ તથા પોકસો એકટની કલમળ્ ૪, ૮, ૧૧ તથા ૧૨ અન્વયેનું ચાર્જશીટ અત્રેની સ્પેશ્યલ પોકસો કોર્ટમાં કરેલ હતું. ઉપરોકત ફરીયાદ અન્વયેનો કેસ અત્રેની પોકસો કોર્ટમાં ચાલી જતા, આરોપીના વકીલે એવી દલીલો કરેલ કે, પ્રોસીકયુશન આરોપી વિરૂદ્ધનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે જે બિભત્સ વિડીયો રજુ થયેલ છે તે કાયદા મુજબ પુરવાર થયેલ નથી તેમજ ભોગ બનનાર ડૉકટર રૂબરૂ નિવેદન આપેલ છે તે મુખ્ય પુરાવો નથી પરંતુ માત્ર સમર્થનકારક પુરાવો છે, આવા પુરાવાના આધારે સજા થઈ શકે નહી વિગેરે જેવી દલીલો ધ્યાને લઈ અત્રેની સ્પે. પોકસો કોર્ટના જજ એ.એ. વ્યાસ સાહેબે આ કેસના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે. ઉપરોકત ચર્ચાસ્પદ કેસમાં આરોપી રણજીતસિંહ જોરૂભા જાડેજા તરફે વકીલ કિરણભાઈ બી. બગડા, જયન ડી. ગણાત્રા તથા હેલ્પીંગમાં ટ્રેઈની પાર્થ કિરણભાઈ બગડા રોકાયા હતા.

# જામનગરના પિતા-પુત્રને મળશે અતુલ્ય વારસો એવોર્ડ-૨૦૨૩



જામનગર : હેરિટેજ એન્ડ કલચરલ રિસર્ચ સેન્ટર દ્વારા સાંસ્કૃતિક વિરાસતને જાળવી રાખનાર જામનગરના પિતા પુત્રને ગાંધીનગર ખાતે એવોર્ડ સાથે સન્માનિત કરાશે. ૧૪ વર્ષના બાળકને રાજ્યકક્ષાએ તબલા વાદક ક્ષેત્રે એવોર્ડ અર્પણ કરાશે. જામનગરનું ગૌરવ વધાર્યું છે.

ગાંધીનગરની સંસ્થા હેરિટેજ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર જે વર્ષો થી હેરિટેજ જગ્યાઓનું જતનને લગતી કામગીરીમાં કાર્યરત છે. આ સંસ્થા દરવર્ષે એક અતુલ્ય વારસો એવોર્ડ આપવાની જાહેરાત કરે છે. જેમાં હેરિટેજ અને સાંસ્કૃતિક વિરાસત ને જાળવી રાખવા જે લોકો પ્રયત્નશીલ હોય તેવા લોકોને પ્રોત્સાહિત કરવા માટે આ એવોર્ડનું ખાસ આયોજન કરવામાં આવે છે જેમાં આ વર્ષે જામનગર માં ગૌરવ લેવા જેવી બાબત બની જેમાં જામનગર અનુભૂતિ ગ્રુપના પિતા પુત્રને સાથે એવોર્ડ અપાશે. જામનગરના આર્ટિસ્ટ આનંદ શાહ જે છેલ્લા ૨૫ વર્ષથી ડ્રોઈંગ અને પેન્ટિંગ કલા સાથે સંકડાયેલા છે. રાજ્ય બહારે પુના, શિમલા અને ખજુરાહો ખાતે ચિત્ર પ્રદર્શનો કરેલા છે. જેમણે ૫ વનમેન શો અને ૨૦ જેટલા ગ્રુપ શોમાં ભાગ લીધેલ છે અને લલિતકલા એકેડમી દ્વારા ૨૦૨૩માં વન મેન શો પેઈન્ટિંગ પ્રદર્શનની સ્પોન્સર શિપ માટે પસંદગી પામેલા હતા. એમના પુત્ર ધ્યેય શાહ જે ૭ વર્ષ થી તબલા વાદન સાથે જોડાયેલ છે. કેન્દ્રીય વિદ્યાલયમાં ૭માં ધોરણ માં અભ્યાસ કરતા નાની વયના બાળકો ની કેટેગરી માં સમગ્ર ગુજરાત રાજયમાં તબલા વાદન ક્ષેત્રે એવોર્ડ એનાયત થશે. ધ્યેય શાહને ૧૪ વર્ષની નાની ઉંમરમાં તબલા વાદનમાં આ એવોર્ડ આપવામાં આવશે. આ એવોર્ડ સમારોહ ૭ એપ્રિલ ૨૦૨૪ના રોજ ગાંધીનગર ખાતે યોજાશે.

## ગરમીમાં લુ લાગવાથી બચવા અંગે તકેદારી રાખવા જામનગર આરોગ્યતંત્રની અપીલ

જામનગર : ચાલુ વર્ષની શરૂઆતમાં જ દિવસના તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. ગરમીના વધારાના કારણે શરીરમાં લુ લાગવા (સનસ્ટ્રોક)ના કેસો નોંધાતા હોય છે. જેમાં સમયસરની સારવાર લેવામાં ન આવે તો તે જીવલેણ સાબિત થઈ શકે છે. લુ લાગવા (સનસ્ટ્રોક) ના કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન ખૂબ વધી જાય છે. વાતાવરણનું તાપમાન ઉંચુ હોવાથી પરસેવો ખુબ વધારે થાય છે જેના કારણે શરીરનું તાપમાન ઘટી શકતું નથી. જે વ્યક્તિના આરોગ્ય ઉપર વિપરીત અસરો કરે છે.

આ અસરોમાં શરીર અને હાથ પગમાં અસહ્ય દુઃખાવો, ખુબ તરસ લાગવી, ગભરામણ થવી, ચક્કર આવવા, શ્વાસ ચઢવો, હૃદયના ધબકારા વધે છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મજુરી કરીને જીવન ગુજારતા મજુરોમાં સન સ્ટ્રોકની વધુ અસર થવાની શક્યતા છે અને ક્યારેક તે જીવલેણ પણ સાબીત થાય છે. સન સ્ટ્રોક (લુ)થી બચવા માટે ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું. ઉનાળાની ઋતુ દરમ્યાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા જોઈએ. નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશક્ત વ્યક્તિઓએ તડકામાં ફરવું નહી. દિવસ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવું. શક્ય હોય તો લીંબુનું શરબત બનાવીને પીવું જોઈએ. ભીના કપડાથી માથું ઢાકી રાખવું અને જરૂર જણાયે અવાર-નવાર ભીના કપડાથી શરીર લુછવું. ગરમીની ઋતુ દરમ્યાન બને ત્યાં સુધી ભુખ્યા ન રહેવું. માથાનો દુઃખાવો, બેચેની, ચક્કર, ઉબકા કે તાવ આવે તો તુર્ત જ નજીકના દવાખાના/પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડોક્ટરની સલાહ અને સારવાર લેવી તેમ આરોગ્ય શાખાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજમાં મતદાન જાગૃતિ વિષયક પ્રશ્નોત્તરી કાર્યક્રમ યોજાયો



જામનગર : વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજ, જામનગરમાં તા. ૨૮-૦૩-૨૦૨૪, ગુરૂવારના રોજ ગુરૂવાર ના રોજ આર્ટસ વિભાગ દ્વારા SVEEP Activity અંતર્ગત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કોલેજને કાર્યક્રમના ભાગરૂપ 'મતદાન જાગૃતિ વિષયક પ્રશ્નોત્તરી' ફાળવેલ. જેમા Empowering the electorate:A survey on Voter Awareness and Engagement" અને BCA વિભાગ દ્વારા AI in education એમ બે સર્વે હાથ ધર્યા હતા. જેમાં દરેક શાખાના વિદ્યાર્થીઓના મનોવલણ પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રિન્સિપાલ રામ કેવલરામાણી, અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દ્વારકા જિલ્લામાં ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ કમિશનમાં ઉપપ્રમુખ તરીકે નિમણૂક



દ્વારકા : આંતરરાષ્ટ્રીય માનવાધિકાર આયોગમાં રામભાઈ જોગાણીની જિલ્લા વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમણૂક કરવામાં આવી છે,. આંતરરાષ્ટ્રીય માનવાધિકાર આયોગ ગુજરાત પ્રેસિડેન્ટ ડૉ. કે. જે. ગઢવી અને સેક્રેટરી એડ. મિત વર્ધનજીની ભલામણથી સેન્ટ્રલ એમ્બેસેડર જનરલ સેક્રેટરી અયનુલ હુસેને દેવભૂમિ દ્વારકા જિલ્લા વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમણૂક કરી છે,

ખંભાળિયા સરકારી હોસ્પિટલમાં રક્ત યોદ્ધા નામનું ગ્રુપ ચલાવે છે અને જરૂર પડે લોહીની જરૂરિયાતને પૂર્ણ કરવામાં ખૂબ જ મદદ કરે છે તેમજ તેઓ સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિકના પત્રકાર છે, અને રુદ્ર માર્કેટિંગ નામની પેઢી ચલાવે છે, જે એડવર્ટાઈઝ અને માર્કેટિંગ કરે છે, આ તકે રામભાઈ જોગાણીને મો. ૯૬૬૨૭ ૮૭૬૦૦ પર મિત્ર વર્તુળ તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવવામા આવી રહ્યા છે.

# દ્વારકા જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાનો અને ધાર્મિક સ્થળોને લગોલગ ચૂંટણી કાર્યાલય ખોલવા પર પ્રતિબંધ

દ્વારકા : લોકસભા સામાન્યા ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ૧૨ જામનગર સંસદીય મતવિભાગમાં સમાવિષ્ટત દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૮૧-ખંભાળીયા મતદાર વિભાગ તથા ૮૨-દ્વારકા મતદાર વિભાગનું મતદાન તા.૦૭-૦૫-૨૦૨૪ના રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા અંગની જાહેરાત તા.૧૬-૦૩-૨૦૨૪ના રોજ કરવામાં આવેલ છે. લોકસભા સામાન્યા ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ૧૨ જામનગર સંસદીય સમાવિષ્ટા દેવભૂમિ દ્વારકા જિલ્લાવના ૮૧-ખંભાળીયા મતદાર વિભાગ તથા ૮૨-દ્વારકા મતદાર વિભાગમાં કોઈપણ ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યાક્તિ/સંસ્થાવને ચૂંટણી હેતુ માટે ખોલવાનું થતું ચૂંટણી કાર્યાલય ઉકત ચૂંટણી માટે નિયત થયેલ મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તાંરમાં તેમજ કોઈપણ માન્યા શૈક્ષણિક સંસ્થા/હોસ્પિભટલ તેમજ ધાર્મિક સ્થેળની લગોલગ ચૂંટણી કાર્યાલય ખોલવામાં આવે તો વિદ્યાર્થીઓને, દર્દીઓને, દર્શનાર્થીઓને અને શ્રધ્ધાળુઓને તેમજ મતદાનના દિવસે મતદારોને વિક્ષેપ પડવાની અને ટ્રાફિકની ગેરવ્યંવસ્થાન થવાની તથા જાહેર સુલેહ શાંતી અને કાયદો વ્યવસ્થા ઉપર વિપરીત અસર પડવાની શકયતા રહે છે. જે ધ્યાગનમાં રાખી ઈ.ચા. અધિક જિલ્લાં મેજિસ્રેકાયટ, દેવભૂમિ દ્વારકાને ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ તળે મળેલ સત્તાની રૂએ જાહેરનામું પ્રસિધ્ધર કરી દેવભૂમિ દ્વારકા જિલ્લીના હદ વિસ્તાનરમાં આ સાથેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે.

ચૂંટણી હેતુ માટે ખોલવાનું થતું ચૂંટણી કાર્યાલય ઉકત ચૂંટણી માટે નિયત થયેલ મતદાન મથકથી ૨૦૦ મીટરના વિસ્તાનરમાં તેમજ કોઈપણ માન્યત શૈક્ષણિક સંસ્થા્ હોસ્પિમટલ તેમજ ધાર્મિક સ્થયળ કે તેના પરિસરની લગોલગ ખોલવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. ઉપરોકત હુકમનું પાલન થાય તે રીતે ખોલવામાં આવેલા ચૂંટણી કાર્યાલયમાં પાર્ટી સિમ્બોંલ/ફોટોગ્રાફ વાળા ફકત એક જ પાર્ટી ફલેગ અને બેનર લગાવી શકાશે. આવા બેનરની સાઈઝ ''૪ ફુટ ૮ ૮ ફુટ''ની મર્યાદામાં રાખવાની રહેશે. કોઈપણ જાહેર કે ખાનગી મિલકતમાં અનઅધિકૃત કબજો/ દબાણ કરીને ચૂંટણી કાર્યાલય ખોલી શકાશે નહીં. સ્થાનિક સતામંડળના જે કોઈ નિયંત્રણો લાગુ પડતા હશે તેનું પાલન કરવાનું રહેશે. ચૂંટણીના સંદર્ભમાં અમલમાં રહેલી આદર્શ આચાર સંહિતા અને ખર્ચ સબંધી નિયંત્રણોનું પાલન થાય તે જોવાનું રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

## જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે નેત્રયજ્ઞ



જામનગર : જામનગરના જલારામ સેવા ટ્રસ્ટ (હાપા) દ્વારા જલારામ મંદિર (હાપા), પ્રભુદાસ ખીમજી કોટેચા અન્નક્ષેત્ર હોલ, શ્રી મંગળા વિઠ્ઠલેશ ગૌશાળામાં રાજકોટની રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલના સહકારથી વિનામૂલ્યે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ દર્દીઓની આંખની તપાસ કરવામાં આવી હતી. ૨૦ દર્દીઓના મોતીયાના ઓપરેશન રાજકોટની હોસ્પિટલમાં કરી આપવામાં આવ્યા હતાં. હોસ્પિટલના ડો. કિરીટભાઈ આચાર્ય, જલારામ સેવા ટ્રસ્ટના કાર્યકર ભાવેશભાઈ દત્તાણી, નવનીતભાઈ સોમૈયા, અલ્પાબેન વસોયા, મનોજભાઈ સુરાણીએ જહેમત ઉઠાવી હતી.

# ઈન્ડિયન કોસ્ટગાર્ડ દ્વારા હોવરક્રાફ્ટ અને કેપિટલ શીપનું ઉદ્‌ઘાટન



જામનગર : ઈન્ડિયન કોસ્ટગાર્ડ દ્વારા જખૌ બંદરે વધારાનું એક હોવરક્રાફ્ટ તથા વાડીનાર બંદરે કેપિટલ શીપનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

વાડીનાર બંદરેથી હવે આઈસીજીએસ સમુદ્ર પાવક જે ખાસ મરીન પોલ્યુશન કન્ટ્રોલ માટેનું વેસલ છે. તેનું સંચાલન વાડીનારની નવી કોસ્ટ ગાર્ડ જેટ્ટી પરથી થશે.

૯૫ મીટરની લંબાઈ ધરાવતું સમુદ્ર પાવક અતિ આધુનિક પોલ્યુશન કન્ટ્રોલ સાધનોથી સજ્જ છે. જે દરિયામાં થતા ઓઈલ પ્રદૂષણને અટકાવવા તેમજ તેને દૂર કરવામાં કામ કરશે. આ શીપનું સંચાલન ડીઆઈજી અંકિતસીંઘ અને તેમની સાથેના ૧૯ અધિકારીઓ તથા ૧૨૦ જવાનો સાથે કરવામાં આવશે.

## જામનગરની ડી.કે.વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં Youth in Democracy વિષય પર કાર્યક્રમ યોજાયો

જામનગર : જામનગરની ડી.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે સપ્તધારા પ્રકલ્પના સંદર્ભે જ્ઞાનધારા અંતર્ગત નહેરુ યુવા કેન્દ્ર, જામનગરના સહયોગથી એક કાર્યક્રમનું આયોજન સાયન્સ વિભાગના સ્માર્ટ ક્લાસરૂમમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં Youth in Democracy વિષય પર પ્રાંત અધિકારી જામનગર તથા મામલતદાર જામનગર શહેર દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

ભારત વિશ્વનો સૌથી મોટો લોકતાંત્રિક દેશ છે. લોકતાંત્રિક પ્રક્રિયામાં દરેક નાગરિકની સમાન હિસ્સેદારી રહેલી છે. હાલના સમયમાં વિશ્વમાં સૌથી વધુ યુવાનોની સંખ્યા આપણા દેશમાં છે.આપણા લોકતંત્રમાં યુવાનોનો મહત્વનો ફાળો રહેલો છે. એક જાગૃત યુવાન નાગરિક તરીકે લોકતંત્રમાં શું મહત્વ છે? તે સમજવવાના મુખ્ય ઉદ્દેશ સાથે આ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના ૮૫ જેટલા વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટીઓએ ભાગ લીધો હતો.

# સાંઈબાબા મંદિર ગાંધીનગર ખાતે વિનામૂલ્યે શ્વાસરોગ કેમ્પ યોજાયો



જામનગર : જામનગર શહેર જીલ્લા તથા બહારગામથી આવતા સર્વે ભાવિકો તથા શ્વાસરોગના દર્દીઓ માટે શિરડી સાંઈબાબા મંદિર ગાંધીનગર દ્વારા હોળી પૂનમની રાત્રે શ્વાસરોગના દર્દીઓ માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો લાભ ૧૪૩ દર્દીઓએ લીધો હતો. કેમ્પમાં ડો. ઉમંગ પંડ્યા અને તેની ટીમ દ્વારા દર્દીઓને યોગ્ય માહિતી પૂરી પાડી હતી. અને શ્વાસના રોગથી બચવા માટેના ઉપાયો જણાવ્યા હતા.

કેમ્પમાં મુખ્ય મહેમાન તરીકે ધીરેનભાઈ પાટલીયા ઉપસ્થિત રહ્યાં હતા. કેમ્પને સફળ બનાવવા મંદિર ટ્રસ્ટના સેવાભાવી કાર્યકરો મહેન્દ્રભાઈ પટેલ, શીવુભા, વિરેન્દ્ર ત્રિવેદી, રાજ રાચ્છ, હેમતસિંહ ગોહિલ, જીંજુવાડીયાભાઈ, પટેલભાઈ સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી તેમ સાંઈબાબા મંદિર ટ્રસ્ટના પ્રમુખ કનકસિંહ જાડેજાની યાદીમાં જણાવાયું છે.

## વિશ્વ ક્ષય દિવસની ઉજવણી નિમિતે આયુર્વેદ ઈટરા ઓડીટોરીયમ ખાતે યોજાયો વર્કશોપ

જામનગર : જામનગરની જાણીતી આયુર્વેદ સંસ્થા ઈટરા આયુર્વેદ શિક્ષણ એવં અનુસંધાન સંસ્થાન અને જીલ્લા ક્ષય કેન્દ્ર જામનગર દ્વારા તાજેતરમાં વિશ્વ ક્ષય દિવસ ૨૦૨૪ની ઉજવણી નિમિતે ક્ષય (ટીબી) રોગની વિગતવાર જાણકારી અંગે ઈટરા ઓડીટોરીયમ ખાતે પ્રેઝન્ટેશન દ્વારા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઈટરા સંસ્થાના ડીન એકેડેમીક પ્રોફેસર હિતેશ વ્યાસ, ડીન પ્લાનિંગ ડેવલોપમેન્ટ પ્રોફેસર અપર્ણ ભટ્ટ તેમજ ડીન ઈન્ટરનેશનલ સ્ટડીઝ પ્રોફેસર મનદીપ ગોયલ તેમજ સંસ્થા અને અલગ અલગ વિભાગના અધ્યક્ષ, પ્રાધ્યાપકગણ, પી.જી વિદ્યાર્થીઓ, પી.એચ.ડી. વિદ્યાર્થીઓ, ઈન્ટર્ન સહીત ૧૫૦ જેટલા લોકો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં જીલ્લા ક્ષય અધિકારી ડો. પ્રેમકુમાર કન્નર દ્વારા ટીબી મુક્ત ભારત ૨૦૨૫ અંગે પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપી હતી જેમાં ટીબીના લક્ષ્યાંકો, નેશનલ સ્ટ્રેટજીક પ્લાન ૨૦૨૫, ટીબી રોગ અંગેની તપાસ, સારવાર, નિ-ક્ષય પોષણ યોજના, ટીબી પ્રીવેન્ટ થેરાપી, ડિફરન્શીયલ ટીબી કેર, ટીબી કો-મોર્બીલીટી, ટીબી મુક્ત પંચાયત, ટીબી દર્દીના પોસ્ટ ટ્રીટમેન્ટ ફોલોપ વગેરે જેવી માહિતી વિગતવાર આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા કાયા ચીકીત્સા વિભાગના પ્રો. મનદીપ ગોયલ, ડો. મેઘા પંડ્યા, ડો. કંચન બાળા તેમજ વિભાગના સ્ટાફ અને જીલ્લા પંચાયતના ડી.એસ.બી.સી.સી. ચિરાગ પરમાર અને ટીબી વિભાગના ખેતાણી સન્ની દ્વારા સફળ બનાવવામાં આવ્યો હતો.

### જન્મદિવસની શુભેચ્છા

## રઘુવંશી આગેવાન કનુભાઈ હિંડોચાનો આજે જન્મદિવસ



રઘુવંશી સમાજના આગેવાન તેમજ અનેક સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા અને દ્વારકા જલારામ મંદિર તથા જય જલિયાણ ચેરીટેબલના ટ્રસ્ટી તેમજ દ્વારકા નગરપાલિકાના પૂર્વ ચીફ ઓફિસર કનુભાઈ હિંડોચાનો આજે જન્મદિવસ તેમને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ

### અવસાન નોંધ

**જામનગર :** બ્રહ્મક્ષત્રીય જયેશભાઈ ચમનલાલ વીંછી (ઉ.વ. ૫૮) તે ઉમેશભાઈ, જીતેશભાઈ, દિનેશભાઈ તથા રિટા બહેન, સ્વ. સુશીલા બહેનના ભાઈનું મંગળવાર, તારીખ ૨-૪-૨૦૨૪ના અવસાન થયું છે. સદગતની પ્રાર્થના સભા ભાઈઓ તથા બહેનો માટે તા. ૦૩-૦૪-૨૦૨૪ના સાંજે ૪.૩૦ થી ૫.૦૦ દરમિયાન બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની વાડી, ખંભાળિયા નાકા બહાર, જામનગર ખાતે રાખેલ છે.

